ક્રમાંક:જીઆઇડીસી/એએલટી/પોસ્ટ-
વિતરણ/પોલિસી/૧૫
જીઆઇડીસી, વડી કચેરી, ગાંધીનગર.
તા.૨૫/૦૯/૨૦૨૫

// પરિપત્ર //

વિષય : નિગમ દ્વારા ફાળવેલ એકથી વધુ કોમન દીવાલ ધરાવતા હોય તેવા તબદીલીથી મેળવેલ પ્લોટ/શેડમાં સંયુક્ત રીતે વપરાશ કરવામાં આવતો હોય તેવા સંજોગોમાં તમામ પ્લોટના સંયુક્ત વિસ્તાર આધારિત વપરાશની ચકાસણી કરવા બાબત.

સંદર્ભ: ૧) પરિપત્ર ક્રમાંક:-ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/પીઓએલ/૧-૩૧-૪૪૧/૯૪, તા.૦૩/૦૬/૧૯૯૪.

૨) પરિપત્ર ક્રમાંક :- **GIDC/ALT/POL/CIR/04**, તા.૦૬/૦૫/૨૦૧૫.

રાજ્યમાં ઉદ્યોગોનો સંતુલિત અને સુવ્યવસ્થિત વિકાસ થાય તે હેતુથી નિગમ દ્વારા વિકસાવેલ ઔદ્યોગિક વસાહતમાં પ્લોટની ફાળવણી કરવામાં આવે છે. જેમાં નિગમ દ્વારા જો કોઇ પ્લોટ/શેડ ધારકને અન્ય લગત પ્લોટ/શેડ વિસ્તૃતીકરણના હેતુથી ફાળવવામાં આવે અથવા અન્ય લગત વણવપરાશી પ્લોટ/શેડ ફાળવણીદારે તબદીલીથી મેળવેલ હોય તો આવા વણવપરાશના પ્લોટ/શેડને ઉપયોગમાં આવેલ પ્લોટ ગણવા અને તેવા એકમ માટે આવા પ્લોટ/શેડો એકત્રીત ગણવા મુજબની નીતિ તા.૦૩/૦૬/૧૯૯૪ થી અમલમાં મુકવામાં આવેલ છે. ત્યારબાદ, નિગમ દ્વારા તા.૦૬/૦૫/૨૦૧૫ થી મિલકતના બાંધકામ સંબંધિત વપરાશ બાબતે નીતિ જારી કરવામાં આવેલ તેમજ મિલકત તબદીલી અંગેની તા.૨૨/૦૬/૨૦૨૨ ની નીતિમાં એકથી વધુ કોમન દીવાલ ધરાવતા હોય તેવા તબદીલીથી મેળવેલ પ્લોટ/શેડમાં સંયુક્ત રીતે વપરાશ કરવામાં આવતો હોય તેવા સંજોગોમાં તમામ પ્લોટના સંયુક્ત વિસ્તાર આધારિત વપરાશની ચકાસણી કરવા અંગેની કોઇ સ્પષ્ટતા ન હોઇ સદર પ્રકારની વિગતો બાબતે નીતિ ઘડતર હેતુ નિગમની ૫૨૨ મી સભા દ્વારા પસાર કરેલ ઠરાવ ક્રમાંક : ૭૩/પો.વિતરણ/૫૨૨ અનુસાર નીચે મુજબની નીતિ અમલમાં મુકવામાં આવે છે.

(૧) જો કોઇ ઉધોગકારને ફાળવણી થયેલ પ્લોટની લગત (કોમન દીવાલ સાથે) તરીકે ઉદ્યોગના વિસ્તૃતીકરણના હેતુથી અન્ય પ્લોટ/શેડ ફાળવવામાં આવેલ હોય અથવા અન્ય લગત (કોમન દીવાલ સાથે) વણવપરાશી પ્લોટ/શેડ ફાળવણીદારે તબદીલીથી મેળવેલ હોય કે મેળવે તો આવા બિનઉપયોગી/વણવપરાશી પ્લોટ/શેડને ઉપયોગમાં આવેલ પ્લોટ ગણવા (સંયુક્ત પ્લોટોના કુલ વિસ્તારની સાપેક્ષમાં ૨૦% ગ્રાઉન્ડ કવરેજ બાંધકામની ચકાસણી કરી, નિગમની નીતિ મુજબ કાયમી વિજ જોડાણનું પ્રમાણપત્ર, વિજ વપરાશનું સ્ટેટમેન્ટ મેળવીને) અને આવા સમગ્ર પ્લોટ/શેડને એકસાથે એક જ એકમ તરીકે વપરાશી ગણી તબદીલીની મંજુરી આપી શકાશે.

(૨) ઉધોગકારને ફાળવણી થયેલ પ્લોટની લગત તરીકે વિસ્તૃતીકરણના હેતુથી અન્ય પ્લોટ/શેડ ફાળવવામાં આવેલ હોય તેવા કિસ્સામાં મુળ પ્લોટ સાથે લગત પ્લોટનું એકત્રીકરણ નિગમ દ્વારા કરી આપવાનું રહેતું હોવાથી એકત્રીકરણ ફી વસુલવાની રહેશે નહી, જ્યારે ફાળવણીદારે અન્ય લગત પ્લોટ/શેડ તબદીલીથી મેળવેલ હોય તેવા કિસ્સામાં આવા તમામ પ્લોટને સંયુક્ત રીતે એક પ્લોટ તરીકે ગણી તબદીલીની કાર્યવાહી સમયે એકત્રીકરણ ફી વસુલી લેવાની રહેશે.

(3) મુળ પ્લોટને લગત આવેલ એક કે તેથી વધુ પ્લોટના કિસ્સાઓમાં તમામ પ્લોટ પૈકી કોઈ એક પ્લોટમાં લીઝડીડ થયેલ હોય તો અન્ય પ્લોટમાં પણ લીઝડીડ થયેલ હોવું જરૂરી છે, અગર લીઝડીડની નોંધણી ન થયેલ હોય તો એકત્રીકરણની સાથે તબદીલીની મંજુરી આપતાં પહેલાં લીઝડીડ રજીસ્ટર કરાવી લેવાનું રહે છે, જેમાં સંયુક્ત પ્લોટ વિસ્તાર તરીકે વપરાશ ધ્યાને લેવાનો રહેશે. લીઝ ડીડની મંજુરી આપતા સમયે જો સદર તમામ પ્લોટનો એક પ્લોટ તરીકે નિગમનાં નીતિ નિયમ મુજબ વપરાશ થતો હોય તો વપરાશી તરીકે ધ્યાને લઇ લીઝડીડની મંજુરી આપવાની રહેશે.

(૪) એકત્રીત થતા આવા તમામ પ્લોટોમાં બિનઅધિકૃત નોન-વાયોલેટીવ તેમજ વાયોલેટીવ બાંધકામ આખરી તબદીલી હુકમ જારી થયાના દિન-૬૦ ની સમયમર્યાદામાં નિયમિત/દુર કરવાનું રહેશે.

(૫) નિગમ દ્વારા વધારાની કોઇ આંતરમાળખાકીય સુવિધા આપવાની રહેશે નહી.

(૬) નિગમના બાકી નિકળતા લ્હેણા/ચાર્જીસ/ફી/દંડ વસુલી લેવાના રહેશે.

નિગમના તમામ સંબધિત અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ એ આ સૂચનાઓની નોંધ લેવી અને તેનો અમલ કરવો.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક
જીઆઇડીસી, ગાંધીનગર.

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રી..... તરફ જાણ અને કાર્યવાહી સારૂં.

નકલ રવાના:

૧. જનરલ મેનેજરશ્રી (ગ્રેડ-૧) (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર ... તરફ નિગમની વેબસાઇટ પર અપલોડ કરવાં સારૂ તેમજ નિગમના રેકર્ડમાં નોંધાયેલ વર્તમાન ફાળવણીદારોના રજીસ્ટર ઇમેઇલ મારફતે પરિપત્રની જાણ થવા સારૂ.
૨. પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોશિએશન, ગાંધીનગર તરફ જાણ સારૂં.
૩. પ્રમુખશ્રીઓ, તમામ માન્ય ઔધોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂં.

રવાના કર્યુ,
જનરલ મેનેજર ગ્રેડ-૧ (મહેકમ)